Saturday
07.09.2024
✱Volume :9 ✱ Issue No.51
✱Email.:kamalamgujarat@gmail.com
✱www.kamalamgujarat.com
✱Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
વંદે માતરમ્
RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

✱Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✱Page :04✱Rs. 00.25/- ✱Annual Rs. 90/-

પીએમએ રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર પ્રાપ્ત શિક્ષકો સાથે વાતચીત કરી

શિક્ષકો વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રવાસ પર ભારતની વિવિધતાને અન્વેષણ કરવા લઈ જઈ શકે છે: પીએમ

આજના યુવાનોને વિકસિત ભારત માટે તૈયાર કરવાની જવાબદારી શિક્ષકોના હાથમાં છે: પીએમ

પીએમએ NEP ની અસર વિશે ચર્ચા કરી અને પોતાની માતૃભાષામાં શિક્ષણ મેળવવાના મહત્વ વિશે વાત કરી

પુરસ્કાર મેળવનારાઓએ તેમના શિક્ષણનો અનુભવ અને શિક્ષણને વધુ રસપ્રદ બનાવવા તેમના દ્વારા અપનાવવામાં આવેલી નવીન તકનીકો પીએમ સાથે શેર કરી

કમલમ્ ન્યુઝ,
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વહેલી સવારે લોક કલ્યાણ માર્ગ પર ૭, લોક કલ્યાણમાર્ગ પર તેમના નિવાસસ્થાને રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારથી સન્માનિત થયેલા શિક્ષકો સાથે વાતચીત કરી હતી. પુરસ્કૃતવિજેતાઓએ પ્રધાનમંત્રીને તેમના શિક્ષણનોઅનુભવજણાવ્યો હતો. તેઓએ શિક્ષણનેવધુ રસપ્રદ બનાવવા માટે તેમના મારફતે ઉપયોગમાં લેવામાંઆવતી રસપ્રદ તકનીકો વિશે પણ વાત કરી. તેઓએ તેમના નિયમિત શિક્ષણ કાર્યની સાથે તેમના દ્વારા કરવામાં આવતા સામાજિક કાર્યના ઉદાહરણો પણ શેર કર્યા. તેમની સાથે વાતચીત કરતા પ્રધાનમંત્રીએ શિક્ષણની કળાપ્રત્યે સમર્પણ અને વર્ષોથી તેમણે પ્રદર્શિત કરેલા નોંધપાત્ર ઉત્સાહની પ્રશંસા કરી હતી, જેને પુરસ્કારો મારફતે માન્યતા આપવામાં આવી છે. પ્રધાનમંત્રીએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિની અસરોપર ચર્ચાકરી હતી અને પોતાની માતૃભાષામાં શિક્ષણ પ્રાપ્ત કરવાનામહત્ત્વ વિશેવાત કરી હતી. તેમણેસૂચવ્યું હતું કે, શિક્ષકો વિદ્યાર્થીઓને વિવિધ ભાષાઓમાં સ્થાનિક લોકવાયકા શીખવી શકે છે, જેથી વિદ્યાર્થીઓ અનેક ભાષાઓશીખી શકે અને ભારતની જીવંતસંસ્કૃતિનો સંપર્ક પણ મેળવી શકે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, શિક્ષકો તેમના વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રવાસે લઈ જઈને ભારતની વિવિધતાની જાણકારી આપી શકે છે, જે તેમને શીખવામાં મદદરૂપ થશે અને તેમને સંપૂર્ણ રીતે તેમના દેશ વિશે જાણકારી મેળવવામાં પણ મદદરૂપ થશે.

રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કારોનો હેતુ દેશના કેટલાક શ્રેષ્ઠ શિક્ષકોના અનન્ય યોગદાનની ઉજવણી અને સન્માન કરવાનો છે, જેમણે તેમની પ્રતિબદ્ધતા અને સખત મહેનત દ્વારા માત્ર શિક્ષણ ક્ષેત્રની ગુણવત્તામાં સુધારો કર્યો નથી, પરંતુ તેમના વિદ્યાર્થીઓના જીવનને પણ સમૃદ્ધ બનાવ્યું છે. આ વર્ષે એવોર્ડ માટે દેશભરના ૮૨ શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી જેમાં શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ દ્વારા પસંદ કરાયેલા ૫૦ શિક્ષકો, ઉચ્ચ શિક્ષણ વિભાગ દ્વારા ૧૬ શિક્ષકો અને કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલયના ૧૬ શિક્ષકોનો સમાવેશ થાય છે.

પીએમએ શિક્ષકોને વિદ્યાર્થીઓને વિવિધ ભાષાઓમાં સ્થાનિક લોકકથાઓ શીખવવાનું સૂચન કર્યું જેથી તેઓને વિવિધ ભાષાઓનો પરિચય કરાવવામાં મદદ મળે

તેમણે ઉમેર્યું કે આનાથી પર્યટનને વેગ મળશે અને સ્થાનિક અર્થવ્યવસ્થાને પણ વેગ મળશે. પ્રધાનમંત્રીએ સૂચન કર્યું હતું કે, પુરસ્કૃત શિક્ષકોએ સોશિયલ મીડિયા મારફતે એકબીજા સાથે જોડાવું જોઈએ અને તેમની શ્રેષ્ઠ પદ્ધતિઓ વહેંચવી જોઈએ, જેથી દરેકવ્યક્તિઆપ્રકારની પદ્ધતિઓ શીખીશકે, અપનાવી શકેઅને તેનો લાભ લઈ શકે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, શિક્ષકો દેશની અતિ મહત્ત્વપૂર્ણ સેવા કરીરહ્યાં છે અને આજની યુવાપેઢીને વિકસિત ભારત માટે તૈયાર કરવાની જવાબદારી તેમનાહાથમાં છે.



વ્યારા સુગર માં ગ્રામપ્રતિનિધિની સભા પ્રમુખશ્રી માનસિંહભાઈ કે. પટેલ ની અધ્યક્ષતા માં યોજાઈ

કમલમ્ ન્યુઝ,
તાપી જિલ્લાની એક માત્ર જીવાદોરી સમાન ગણાતી વ્યારા સુગર ફેકટરી શ્રી ઉકાઈ પ્રદેશ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ. ખુશાલપુરા, તા. વ્યારા, જિ. તાપીમાં તા. ૦૬/૦૯/૨૦૨૪ નાં દિને અલગ અલગ વિસ્તારનાં ખેડુતઆગેવાનો, ગ્રામપ્રતિનિધિની સભાનું આયોજન કરવામાંઆવેલ હતું. ઉપસ્થિત મુખ્ય મહેમાનશ્રી વ્યારા વિદ્યાનસભાનાં ધારાસભ્ય શ્રીમોહનભાઈ કોંકણીએવધુને વધુ ખેડુતો શેરડી સંસ્થામાં આપી ખુબ સારૂ પિલાણ થાય તો વ્યારા સુગર ફેકટરીનું ભવિષ્ય ખુબ જ ઉજળુ છે. વર્ષોથી અસમંજશમાંરહેતી વ્યારા સુગર ફેકટરીને ફડયામાં જતી અટકાવીપુનઃકાર્યરત કરીતે બદલ કસ્ટોડીયન કમિટીનોઅને પ્રમુખશ્રી માનસિંહભાઈ કે.પટેલનો આભાર માની વ્યારા સુગર ફેકટરીની તરકકી થાય અને ખેડુતોને સારો ભાવ મળશે એવીઆશાવ્યકત કરી. વ્યારા સુગરનાં પ્રમુખશ્રી અને સહકારી ક્ષેત્રનાં આગેવાન એવા માનસિંહભાઈ કે. પટેલજણાવ્યુ કે, ના તંદુરસ્ત તબિયત હોવા છતાં અને અનેક લોકો ધ્વારા ના પાડવા છતા આ વિસ્તાર ખેડુતો જેના વર્ષોનાં શેરડીનાં નાણાં બાકી હોવા છતા ગત વર્ષ વિશ્વાસ મુકી એક લાખથી વધુ શેરડી આવી જે વ્યારા સુગર ઉપર મુકેલવિશ્વાસને કાયમ રાખી ૪ લાખ મેટનથીવધુ પિલણ થાય તો પાંચ વર્ષમાં વ્યારા સુગર ફેકટરીની સાથે સાથેસમયસર અને સારામાં સારો ફાઈનલ હપ્તો આપવામાં આવશે એમ જણાવતા સમગ્રસભામાં ખુશીનીલહેર જોવા મળીઅને આવિસ્તારનાં ખેડુતોની એક સમિતી બનાવી વહીવટમાં મદદરૂપ બની કામગીરી કરવા અને ખેડુતોમાંવિશ્વાસનું વાતાવરણ ઉભું થાય તેવી વ્યવસ્થા કરવા જણાવ્યુ. આ વિસ્તારની શેરડી અન્ય સુગર ફેકટરી ન લઈ જાય અને જરૂરીયાતથીવધારાની શેરડી વ્યારા સુગર વતી અન્ય સુગરોમાં જાય તેવી રજૂઆત સરકારશ્રીમાં કરવામાં આવી છે. જેથી શેરડી બહાર ન જાય તે માટે બનાવેલ સમિતી ધ્વારા ઝુંબેશ ઉપાડવાનું જણાવ્યુ અને છેલ્લા શ્વાસ સુધી વ્યારા સુગરને બેઠી કરવા તમામ પ્રયત્નો કરીશ એમ માનસિંહભાઈ પટેલ જણાવતા સભામાં હાજર સૌએ વધાવી લીધા. આ વર્ષે રીપેર્સ અને મેઈન્ટેનન્સ ખુબ સારી રીતે કરવામાંઆવ્યુ છેઅને બીનજરૂરી ખર્ચાઓ .ઉપરવધારે ધ્યાન આપી પારદર્શક વહીવટ થઈ રહયો છે અને મજૂરોની પુરતી વ્યવસ્થા કરવામાંઆવી છે. ટ્રેકટરગાડાઅને વાહતુકનીવ્યવસ્થા પણસારી રીતે કરવામાં આવી છે. એમ સુગરનાં મેનેજીંગ ડીરેકટરશ્રી રવિન્દ્રસિંહ ચૌહાણે જણાવ્યુ. સભામાં ખુબ મોટી સંખ્યામાં ખેડુત આગેવાનો તેમજ વ્યારા વિસ્તારનાં ધારાસભ્યશ્રીમોહનભાઈ કોંકણી, સુ.ડી.કો.ઓ.બેંકનાં સભ્યશ્રી નરેન્દ્રસિંહ, જયરામભાઈ ગામીત, શૈલેષભાઈ પટેલ, પંકજભાઈ ચૌધરી, કસ્ટોડીયન કમિટીનાં સભ્યશ્રી અશોકભાઈ ગામીત, પ્રજ્ઞેયભાઈ ગામીત, મેનેજીંગ ડીરેકટરશ્રી રવિન્દ્રસિંહ જી. ચૌહાણ, ખેતી વિભાગનાં અધિકારીઓ અનેખેડુતો ઉપસ્થિત રહ્યાઅને સૌહાદપુર્ણ વાતાવરણમાં સભા પુર્ણ કરવામાં આવી.

દક્ષિણ ગુજરાતના ૮ જિલ્લાઓમાં ૧૧ વાહનો ને આદરણીય પ્રદેશ અધ્યક્ષ શ્રી સી આર પાટીલ દ્વારા ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યા.

કમલમ્ ન્યુઝ,
"સંગઠન પર્વ ૨૦૨૪"સદસ્યતા અભિયાનના ઘર ઘર સંપર્ક ના ભાગરૂપે ભારતીય જનતા પાર્ટી - દક્ષિણ ઝોનના ૮ જીલ્લા / મહાનગરના શણગાર કરેલા ૧૧ વાહનોને ફ્લેગ ઓફનો કાર્યક્રમ આજે આદરણીય પ્રદેશઅધ્યક્ષ શ્રીતથા કેન્દ્રીય જળ શક્તિ મંત્રીશ્રીસી.આર.પાટીલ સાહેબ દ્વારા તેમના કાર્યાલય ૯, અંબાનગર, સુરત ખાતેથી પ્રસ્થાન કરાવવામાં આવ્યા. આ ફ્લેગ ઓફ ના કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના ગૃહ મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ સંગઠન પર્વ ૨૦૨૪ના પ્રદેશના સહાયક શ્રી યજ્ઞેશભાઈ દવે દક્ષિણ ઝોનના સંયોજક શ્રી કિશોરભાઈ બિંદલ તથા શ્રી કરસનભાઈ ગોંડલીયા દક્ષિણ ઝોનના આઠ જિલ્લાઓના સંયોજક શ્રી/ અધ્યક્ષશ્રીઓ તથા પદધિકારીશ્રીઓસુરત શહેરના મેયર શ્રી દક્ષેશભાઈ માવાણી સુરત શહેરના પ્રભારી શ્રીમતી શીતલબેન સોની સ્થાઈ સમિતિ અધ્યક્ષ શ્રી રાજનભાઈ પટેલ સાંસદ શ્રી મુકેશભાઈ દલાલ મહામંત્રીશ્રી કાળુભાઈ ભીમનાથડેપ્યુટી મેયરશ્રી નરેન્દ્રભાઈ પટેલ શાસક પક્ષના નેતા શ્રીમતી શશીબેન ત્રિપાઠી ધારાસભ્ય શ્રીઓ, નગર સેવકશ્રીઓ તથા કાર્યકર્તાઓની ઉપસ્થિતિ માંઆ વાહનોને ભારતીય જનતા પાર્ટીના ઝંડા થી ફ્લેગ ઓફ કરી વિદાય કર્યા હતા.

તરણેતર મેળામાં મલ્ટીમીડિયા પ્રદર્શનનું ધારાસભ્ય શ્રી શામજીભાઈ ચૌહાણનાં હસ્તે થયું ઉદ્ઘાટન

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલયના કેન્દ્રીય સંચાર બ્યુરો, જુનાગઢનું આયોજન

કમલમ્ ન્યુઝ,
તરણેતર મેળામાં ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના કેન્દ્રીય સંચાર બ્યુરો જુનાગઢ દ્વારા વિકસિત ભારત જર૦૪૭ વિષય અંતર્ગત આયોજિત મલ્ટીમીડિયાપ્રદર્શનનુંઉદઘાટન ચોટીલાના ધારાસભ્યશ્રી શામજીભાઈ ચૌહાણના હસ્તે કરવામાંઆવ્યું. સુરેન્દ્રનગરજિલ્લાકલેક્ટર શ્રીકેસીસંપત, જિલ્લાવિકાસ અધિકારીશ્રી રાજેશ તન્ના, એસ પી શ્રી ગિરીશ પંડ્યા, આસિસ્ટન્ટ કલેકટર શ્રીકલ્પેશકુમાર શર્મા, તરણેતર ગ્રામ પંચાયતના સરપંચ શ્રી અશોકસિંહ ઝાલાની પ્રેરક ઉપસ્થિતિ તેમજ સુરેન્દ્રનગર જિલ્લા, થાન અને ચોટિલા તાલુકાના પદાધિકારીઓ અને અધિકારીઓની ઉપસ્થિતિમાંપાંચ દિવસીય પ્રદર્શનસહિતના કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો. પ્રદર્શનની મુલાકાત લેતા ધારાસભ્ય શામજીભાઈ એતરણેતરના મુલાકાતીઓને અહીં એક જ સ્થળેથી સરકારની વિભિન્ન યોજનાઓ અંગેની જાણકારી અને માર્ગદર્શન પૂરું પાડતા આ પ્રદર્શનના આયોજનની સરાહનાકરી હતીતેમજ વધુને વધુ લોકો આ પ્રદર્શનની મુલાકાત લે તે માટેની અપીલપણ કરીહતી. કેન્દ્રીય સંચાર બ્યુરો જુનાગઢના ક્ષેત્રિય પ્રચાર અધિકારી દેવેન્દ્ર ત્રિવેદીએ આયોજન અંગે જાણકારી આપતાજણાવ્યું કે તારીખ ૯સુધી તરણેતર ખાતે મલ્ટીમીડિયાએક્ઝિબિશન સહિતનાં કાર્યક્રમને જાહેર જનતા માટે આજ રોજ ખુલ્લોમુકાયોછે. સરકારની સિદ્ધિઓ અને વિભિન્ન જનકલ્યાણકારી યોજનાઓ સાથે રાષ્ટ્રીય અભિયાનો અંગેલોકોને જાણકારી મળી રહે તેમજ અભિયાનોમાં જનભાગીદારી વધે તેવા ઉદ્દેશ સાથે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. વધુમાં તેમણે જણાવ્યું કે પ્રદર્શનના પૂર્વ પ્રચારના ભાગરૂપેવિભિન્ન સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં થાનગઢનીશ્રી મ્યુનિસિપલહાઈસ્કુલ ખાતે આયોજિત નિબંધસ્પર્ધા, ચિત્રસ્પર્ધા તેમજ વક્તૃત્વ સ્પર્ધાના વિજેતાઓને ઊપસ્થિત મહાનુભાવોના હસ્તે ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ પાંચ દિવસીય પ્રદર્શનમાં જાહેરજનતાને નિશુલ્ક પ્રવેશ રહેશે તેમજ આગામીદિવસોમાં પણ પ્રદર્શન સ્થળપર આવી વિભિન્ન સ્પર્ધાઓ અને કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. જેનો વધુને વધુ લોકો લાભ મેળવે તે માટે મેળાના મુલાકાતથીઓને આ પ્રદર્શનની મુલાકાત લેવાની અપીલ કરવામાં આવી હતી.

તંત્રી સ્થાનેથી......

પંચાયતી રાજ મંત્રાલય અને યુનાઈટેડ નેશન્સ ચિલ્ડ્રન્સ ફંડ (યુનિસેફ) ઈન્ડિયાએ સામાજિક પરિવર્તન માટે પ્રણાલીઓને મજબૂત કરવા અને સમુદાયોને જોડવા માટે સહયોગ કરવા માટે આશય પત્ર (LoI) પર હસ્તાક્ષર કર્યા. આ ભાગીદારીનો ઉદ્દેશ્ય મંત્રાલય, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને પંચાયતી રાજ સંસ્થાઓ અને ગ્રામીણ સમુદાયોના ક્ષેત્રીય કાર્યકર્તાઓ વચ્ચે અસરકારક સંચાર માટે તંત્રની સ્થાપના અને સંસ્થાકીય કરણ કરવાનો છે. આ સહયોગ નાગરિકો, ખાસ કરીને મહિલાઓ અને બાળકો સાથે યોગ્ય સંચારને સક્ષમ કરીને અને ગ્રામીણ નાગરિકોને સેવાઓની ડિલિવરીમાં સુધારો કરીને સ્થાનિક સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDGs) પર પ્રગતિને વેગ આપવામાં મદદ કરશે. સંદેશાવ્યવહાર અને પ્રતિસાદ પ્રણાલીઓને વધારીને, મંત્રાલય મહત્વપૂર્ણ સરકારી નીતિઓ ગ્રામીણ વિસ્તારોમાં ઝડપથી અને અસરકારક રીતે પહોંચે તેની ખાતરી કરવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટે પ્રતિબદ્ધ છે. આ પ્રયાસ ગ્રામીણ નાગરિકોને માહિતગાર નિર્ણયો લેવા, સેવા વિતરણમાં સુધારો કરવા અને શાસનમાં પારદર્શિતા વધારવા માટે સશક્ત બનાવશે, પરિણામે ભારતને વધુ સમાવેશી અને કનેક્ટેડ ગ્રામીણ બનાવવામાં યોગદાન મળશે.

સુરેન્દ્રનગર જિલ્લા કલેક્ટરશ્રી કે.સી.સંપટના વરદહસ્તે નવનિર્મિત બાળા આંગણવાડી કેન્દ્રનું ઉદ્ઘાટન

કમલમ્ ન્યુઝ,

જિલ્લા કલેક્ટરશ્રી કે.સી.સંપટે આઈ.ઓ.સી.એલ.ના કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) ફંડમાંથી જિલ્લાની પાંચ આંગણવાડી કેન્દ્રનો ઉદ્ઘાટન કાર્યક્રમ બાળા ગામે યોજાયો હતો. બાલા આંગણવાડી કેન્દ્ર સાથે લીલાપુર, ચામરાજ, સદાદ અને બજરંગપુરા એમ કુલ અન્ય ચાર આંગણવાડી કેન્દ્રોનું ઈન્ડિયન ઓઈલની કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) પહેલ હેઠળ આવશ્યક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે નવીનીકરણ કરવામાં આવ્યું છે. રૂ.૪૬ લાખના ખર્ચે ત્રણ મહિના જેટલા ટૂંકા સમય ગાળામાં આ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે.

આ પ્રોજેક્ટમાં નવી બાંધવામાં આવેલી સેપ્ટિક ટાંકી અને સોક પિટ્સ, ભૂગર્ભ અને પાણીના સંગ્રહની સુવિધાઓ, બાળકોને રક્ષણ માટે બાઉન્ડ્રીવોલ, ટોઈલેટ, બ્લોકનું બાંધકામ વગેરે જેવી સુવિધાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

વધુમાં આ આંગણવાડી કેન્દ્રો ખાતે પીવાના પાણી, મોશન સેન્સર ડસ્ટબિન, સેનિટરી નેપકીન ડિસ્પેન્સર, સેનિટરી પેડ ઈન્સિનરેટર્સ, કિચન સ્ટોવ, ઓફિસ માટે ખુરશીઓ અને ટેબલ, બીપી મોનિટરિંગ ડિવાઈસ, ટેમ્પરેચર ગન અને આરઓ પ્લાન્ટ્સ આપવામાં આવ્યા છે. કુલ ૩૬૯ જેટલા લાભાર્થીઓને આ નવીનીકરણનો સીધો લાભ મળશે. ઈન્ડિયન ઓઈલની આ પહેલ સમુદાય માટે ઉજ્જ્વળ અને સ્વસ્થ ભવિષ્ય તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. જે જિલ્લામાં બાળકોની સુખાકારી અને સર્વગ્રાહી વિકાસને પ્રોત્સાહન આપે છે. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી રાજેશ તન્ના, ઈન્ડિયન ઓઈલ વેસ્ટર્ન રિજન પાઈપલાઈન્સના ચીફ જનરલ મેનેજરશ્રી જી. વેંકટરામનન, પ્રાદેશિક વડાશ્રી ચંદ્રશેખર ઉપસ્થિત રહ્યા હતા.

શંખેશ્વરમાં મહાવીર જન્મવાંચને શ્રી અષાઢીયા પાર્શ્વનાથ ભગવાનની આંગીનો શણગાર કરાયો



કમલમ્ ન્યુઝ,

જૈન તીર્થ શંખેશ્વર ખાતે પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વના પાંચમા દિવસે શ્રી પાર્શ્વચન્દ્રસૂરી એકરવાલા ધામ જહાજ મંદિર શંખેશ્વરના ઉપક્રમે શ્રી મહાવીર જન્મવાંચનની ભવ્ય ઉજવણી નિમિત્તે શ્રી અષાઢીયા પાર્શ્વનાથ ભગવાનની આંગીનો શણગાર કરાયો હતો. આઠ દિવસ સુધી ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રભુજીની ભવ્ય અંગરચના કરવામાં આવશે. આ આંગીનો શણગાર નો લાભ. માનવતાના મસીહા પ.પૂ.આ. શ્રીમદ્ વિજય રત્નશેખરસૂરીશ્વરજી મહારાજાની ૫૦મી (ગોલ્ડન જુબિલી) દીક્ષા તિથિ નિમિત્તે અને પ.પૂ. મુનિરાજ શ્રી નયશેખર વિજયજી મ.સા ના ઉપદેશથી લાભાર્થી-સ્વ.રંજનબેન ધનજી ભાણજી દેઢિયા ગામ-કોડાય, કચ્છ, હાલે-મુંબઈ તરફથી શ્રી અષાઢીયા પાર્શ્વનાથ ભગવાનની આંગીનો શણગાર કરાયો હતો. દરોજ સવારે શ્રી શક્રસ્તવ મહાઅભિષેક, સ્નાત્ર પૂજા ભવ્ય તિભવ્ય અંગરચના, આરતી વિગેરેનું આયોજન કરવામાં આવે છે. આ પ્રસંગે ભરતભાઈ ગૌસ્વામી, રવિભાઈ શર્મા, નરેશભાઈ વિગેરે સ્ટાફગણે સાહત સહકાર આપી ભારે જહેમત ઉઠાવી હતી.

પાર્ટીનું સદસ્યતા અભિયાન ભાજપ પરિવારને વધુ વિસ્તારશે અને મજબૂત કરશે : ઉદય કાનગડ

ધારાસભ્ય ઉદય કાનગડ, શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા, પૂર્વ ડેપ્યુટી મેયર વલ્લભભાઈ દુધાત્રા સહિતના ઉપસ્થિત રહયા

પૂર્વ ધારાસભ્ય અને જનસંઘ સમયના વરિષ્ઠ આગેવાન ટપુભાઈ લીંબાશીયા, પુર્વ કોર્પોરેટર અને માલધારી સમાજના આગેવાન ખીમજીભાઈ ટીડાભાઈ મકવાણા, સિલ્વર મેન્યુફેક્ચરીંગ એસોસીએશનના પ્રમુખ અનિલભાઈ તળાવીયા, ઈમીટેશન મેન્યુફેક્ચરીંગ એસોસીએશનના અગ્રણી દેવાભાઈ ગઢીયા, સામા કાંઠે આવેલ ઈમીટેશન માર્કેટના પ્રમુખ મનીશભાઈ પટેલ અને કારોબારી સભ્યો સહીતના આગેવાનોને ભારતીય જનતા પાર્ટીના સદસ્ય બનાવી પાર્ટીની વિચારધારા સાથે જોડાયા

કમલમ્ ન્યુઝ,

ભારતીય જનતા પાર્ટી ધ્વારા તા.ર જી સપ્ટેમ્બરથી દેશવ્યાપી સદસ્યતા અભિયાન શરૂ થયેલ છે ત્યારે વિધાનસભા—૬૮ના ધારાસભ્ય ઉદય કાનગડ ધ્વારા પૂર્વ ધારાસભ્ય અને જનસંઘ સમયના વરિષ્ઠ આગેવાન ટપુભાઈ લીંબાશીયા, પુર્વ કોર્પોરેટર અને માલધારી સમાજના આગેવાન ખીમજીભાઈ ટીડાભાઈ મકવાણા, સિલ્વર મેન્યુફેકચરીંગ એસોસીએશનના પ્રમુખ અનિલભાઈ તળાવીયા, ઈમીટેશન મેન્યુફેકચરીંગ એસોસીએશનના અગ્રણી દેવાભાઈ ગઢીયા, વિધાનસભા—૬૮માં સામા કાંઠે આવેલ ઈમીટેશન માર્કેટના પ્રમુખ મનીશભાઈ પટેલ અને કારોબારી સભ્યશ્રીઓ સહીતના આગેવાનોને ભારતીય જનતા પાર્ટીના સદસ્ય બનાવી પાર્ટીની વિચારધારા સાથે જોડાયા હતા. આ તકે શહેર ભાજપ મહામંત્રી અશ્વિન મોલીયા અને પૂર્વ ડેપ્યુટી મેયર વલ્લભભાઈ દુધાત્રા પણ ઉપસ્થિત રહયા હતા. આ તકે ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલ હતું કે ભારતીય જનતા પાર્ટી આજે ૧૮ કરોડથી ૧૮ કરોડથી વધુ સભ્યો સાથે સમગ્ર વિશ્વમાં સૌથી મોટા રાજકીય પક્ષ તરીકે ઓળખાય છે. દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાજીની સંગઠનાત્મક કુશળતાથી ભાજપ પરિવાર સતત મોટો થઈ રહયો છે. ત્યારે પાર્ટીનું સદસ્યતા અભિયાન આ પરિવારને વધુ વિસ્તારશે અને મજબૂત કરશે. ભારતીય જનતા પાર્ટી એક માત્ર એવી પાર્ટી છે જે લોકતાંત્રિક પ્રક્રિયાઓને પત્ર અને ભાવનાથી અનુસરીને પોતાનું કાર્ય વિસ્તારે છે અને પાર્ટીના બંધારણ મુજબ લોકશાહી પ્રક્રિયાઓને અક્ષરશઃ અને ભાવનાથી અનુસરીને તેના કાર્યને વિસ્તૃત કરે છે અને સામાન્ય લોકોની આશા અને આકાંક્ષાઓ અનુસાર જીવવા માટે સતત સક્ષમ બનાવે છે. અંતમાં ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલ કે ભારતીય જનતા પાર્ટીનું સદસ્યતા અભિયાન માત્ર એક ધાર્મિક વિધિ નથી. તે ભાજપ પરિવારનું વિસ્તરણ છે. તે સંખ્યાઓની રમત નથી. આ સદસ્યતા અભિયાન એક વૈચારિક અને ભાવનાત્મક ચળવળ છે. આ તકે વિધાનસભા—૬૮માં સદસ્યતા અભિયાનને સફળ બનાવવા પૂર જોશથી વોર્ડના કોર્પોરેટરો, વોર્ડ પ્રભારી, પ્રમુખ, મહામંત્રી, બુથ પ્રમુખ, શક્તિકેન્દ્ર ઈન્ચાર્જ, વોર્ડની આઈ.ટી. સોશીયલ મીડીયાની ટીમ, મોરચા—સેલના હોદેદારોની ટીમ તેમજ વોર્ડ સંગઠનના વિવિધ કાર્યકર્તાઓની ટીમ જહેમત ઉઠાવી રહી છે અને ધારાસભ્ય ઉદય કાનગડના માર્ગદર્શન હેઠળ વિધાનસભા—૬૮માં ભારતીય જનતા પાર્ટીના સદસ્યતા અભિયાનને વેગવંતુ બનાવાયું છે.

અમરોલી સેલ્ફ ફાઈનાન્સમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી

કમલમ્ ન્યુઝ,

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત પ્રો.વી.બી.શાહ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ) એન્ડ વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલીમાં ડૉ. સર્વપલ્લીરાધાકૃષ્ણના જન્મદિવસ નિમિત્તે ઉજવાતા શિક્ષક દિન નિમિત્તે ઉજવણીનું આયોજન તા. ૦૫-૦૯-૨૦૨૪ના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં બીબીએ, બીકોમ, બીસીએ અને બીસીએ વિન્ટર, બીએસ.સી ડેટા સાઈન્સના ૮૩ જેટલા વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકેની ભૂમિકા ભજવી હતી. શિક્ષક દિન નિમિત્તે વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા. શિક્ષક દિન નિમિત્તે વિષય શિક્ષક તેમજ શિક્ષક તરીકે ભૂમિકા ભજવનાર વિદ્યાર્થીઓએ પરસ્પર એકબીજાને સ્મૃતિ ભેટ આપી સન્માનીત કર્યા હતા તેમજ વિદ્યાર્થીઓએ તેમના એક દિવસીય શિક્ષક તરીકેના અનુભવ અભિવ્યક્ત કર્યા હતા. ડૉ. પ્રકુલભાઈ શિરોયા (લોકદ્રષ્ટી ચક્ષુ બેંકનાં પ્રમુખ) અચૂક હાજર રહ્યા હતા

તથા જીવન જ્યોત ટ્રસ્ટના મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલે ડૉ. સર્વપલ્લીરાધાકૃષ્ણનું નામ કેવી રીતે પડયુ તેની સમજ આપી હતી. શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ જોડાઈ વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. કૉલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણીનાં માર્ગદર્શન હેઠળ ડૉ. સ્વાતી મહેતા, પ્રા. જયમીન સુકલા, પ્રા. ભરતબસરાની, પ્રા.ડૉ. વિરલ પોલીશવાલા તેમજ પ્રા. હિતેશ પટેલના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક કાર્યક્રમ સંચાલન કર્યું હતું.

કચ્છ જિલ્લા ભાજપ દ્વારા સદસ્યતા અભિયાન લોન્ચ કરાયું

કમલમ્ ન્યુઝ,

કચ્છ જિલ્લા ભાજપ દ્વારા જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદના નેતૃત્વ હેઠળ સદસ્યતા અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

જિલ્લા ભાજપ મધ્યસ્થ કાર્યાલય કચ્છ કમલમ ખાતે મળેલી એક જિલ્લાવ્યાપી બેઠકમાં પ્રદેશ ભાજપ મહામંત્રી અને સાંસદ વિનોદભાઈ ચાવડા, જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ તેમજ ધારાસભ્યશ્રીઓ સહિતના અગ્રણીઓના હસ્તે કચ્છ જિલ્લા ખાતે સદસ્યતા અભિયાનના વિધિવત રીતે શ્રી ગણેશ કરવામાં આવ્યા હતા. બેઠકને સંબોધતા સાંસદ વિનોદભાઈ ચાવડાએ જણાવ્યું હતું કે સેવાકીય અને રાષ્ટ્રવાદી વિચારધારા ધરાવતા પ્રત્યેક લોકોનું ભારતીય જનતા પાર્ટીએ હંમેશા સ્વાગત કર્યું છે. વર્ષ ૨૦૧૪ થી શ્રી નરેન્દ્રભાઈના માર્ગદર્શન હેઠળ પાર્ટીના તત્કાલીન રાષ્ટ્રીય પ્રમુખ શ્રી અમિતભાઈ શાહના સંકલન હેઠળ શરૂ થયેલ આ સદસ્યતા અભિયાનના ફળ સ્વરૂપે આજે ભારતીય જનતા પાર્ટી વિશ્વની સૌથી વિરાટ રાજકીય પાર્ટી બની ચૂકી છે. વાજપેયીજીની ૧૦૦ મી જન્મજયંતીના ભાગરૂપે આ અભિયાનના દરેક રવિવારને અટલ સદસ્યતા પર્વના રૂપમાં પણ વિશેષપણે મનાવવામાં આવશે. જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદે જણાવ્યું હતું કે આ અભિયાન ૧ સપ્ટેમ્બર થી ૨ મહિના સુધી કુલ ૨ ચરણમાં અમલમાં મુકવામાં આવશે. ૧૬ ઓક્ટોબરથી સક્રિય સદસ્ય અભિયાનની શરૂઆત કરવામાં આવશે.

આ અભિયાન હેઠળ સમગ્ર દેશમાંથી ૧૦ કરોડથી વધુ સદસ્યો બનાવવાનું અને કચ્છ જિલ્લામાંથી ૬ લાખ કરતા વધુ લોકોને ભારતીય જનતા પાર્ટીમાં જોડવા માટે વિવિધ માધ્યમોનો ઉપયોગ કરવામાં આવશે જેમ કે પાર્ટી સાથે લોકોને ઓનલાઈન જોડવાના માધ્યમમાં મુખ્યત્વે ૮૮૦૦૦૦૨૦૨૪ નંબર પર મિસકોલ દ્વારા તથા નમો એપ અને વેબસાઈટ દ્વારા તેમજ ઊઈ કોડના માધ્યમથી પણ લોકોને પાર્ટીમાં જોડવા માટે વ્યાપક પણે આયોજન કરવામાં આવશે.

કાર્યક્રમનું સંચાલન કરતા સદસ્યતા અભિયાનના ઈન્ચાર્જ અને જિલ્લા ભાજપ મંત્રી વિકાસભાઈ રાજગોરે વિસ્તૃતમાં માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે આ અભિયાનને સફળ બનાવવા માટે ભારતીય જનતા પાર્ટીના તમામ મોરચાઓ દ્વારા સંગઠન સ્તરે કાર્યશાળા યોજવામાં આવી છે ઉપરાંત વિવિધ જગ્યાઓ પર સેલ્ફી પોઈન્ટ ઉભા કરવા તથા ધારાસભ્યો દ્વારા પોતપોતાના વિસ્તારોમાં વિશેષ અભિયાનો ચલાવવા તેમજ ડોર ટુ ડોર સંપર્ક સહીત અલગ અલગ રીતે લોકો સુધી પહોંચીને લોકોને પાર્ટીની વિચારધારા સાથે જોડવામાં આવશે.

આ તબક્કે ખાસ પાર્ટીના અગ્રણી એવા અરજણભાઈ રબારી એ પણ ઉપસ્થિત સૌ કાર્યકર્તાઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ બેઠકમાં ભુજ ધારાસભ્ય કેશુભાઈ પટેલ, માંડવી ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવે, જિલ્લા ભાજપ મહામંત્રીઓ નરેન્દ્રભાઈ પ્રજાપતિ, ધવલભાઈ આચાર્ય, વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ ડૉ. નીમાબેન આચાર્ય, પૂર્વ સાંસદ પુષ્પદાનભાઈ ગઢવી, પૂર્વ ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી, અમુલ ડેરીના વાઈસ ચેરમેન વલમજીભાઈ હુમ્બલ, કેડીસીસી બેંકના ચેરમેન દેવરાજભાઈ ગઢવી, પૂર્વ જિલ્લા પંચાયત અધ્યક્ષ પારૂલબેન કારા, સદસ્યતા અભિયાનના સહ ઈન્ચાર્જો પ્રફુલ્લસિંહ જાડેજા, જયસુખભાઈ પટેલ, સુરેશભાઈ સંગાર, ગીતાબેન ગણાત્રા તેમજ જિલ્લા ભાજપના હોદ્દેદારશ્રીઓ, તમામ મંડળના પ્રમુખ અને મહામંત્રીશ્રીઓ સહિત અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હોવાનું કચ્છ જિલ્લા ભાજપ મીડિયા ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવીની યાદીમાં જણાવાયું હતું.

કેન્દ્ર તથા રાજ્ય સરકારના સયુંકત ઉપક્રમે 'જળસંચય જનભાગીદારી અભિયાન' અંતર્ગત ગલકુંડ અને પિપલપાડા ખાતે જળસંચયના કામોનો શુભારંભ કરાવતા નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલ

પાણીના એક એક ટીપાનો ભૂગર્ભમાં સંગ્રહ કરવાનો અનુરોધ કરતા શ્રી વિજયભાઈ પટેલ

સમગ્ર જિલ્લામાં ૧૪૧૦ થી વધુ રેઈન વોટર હાર્વેસ્ટિંગના કામો હાથ ધરાશે : ૧૩૫૧ વ્યક્તિઓને રોજગારી મળશે

કમલમ્ ન્યુઝ, આહવા

વરસાદના પાણીના એક એક ટીપાનો ભૂગર્ભમાં સંગ્રહ કરીને ભૂગર્ભ જળ ઉંચા લાવવાના હેતુથી 'જળસંચય જનભાગીદારી અભિયાન' અંતર્ગત ગલકુંડ અને પીપલપાડા ખાતેથી જળસંચયના કામોનો શુભારંભ કરાવતા, નાયબ મુખ્ય દંડક શ્રીવિજયભાઈ પટેલે, વહી જતા વરસાદી પાણીના એક એક ટીપાનો ભૂગર્ભમાં સંગ્રહ કરવાનો અનુરોધ કર્યો હતો. નાયબ મુખ્ય દંડક-વ-ડાંગના ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે, ડાંગ જિલ્લામાં ૧૪૧૦ થી વધુ રેઈન વોટર હાર્વેસ્ટિંગના કામો હાથ ધરી, ૧૩૫૧ વ્યક્તિઓને રોજગારી મળશે, તેમ પણ આ વેળા જણાવ્યું હતું. રેઈન વોટર હાર્વેસ્ટિંગના ડિજિટલ મોનિટરીંગ ડેશ બોર્ડના તાજેતરમાં કેન્દ્રીય જળસંચય મંત્રી શ્રી સી.આર.પાટિલના હસ્તે થયેલા લોન્ચિંગનો ખ્યાલ આપી, શ્રી વિજયભાઈ પટેલે કેન્દ્ર અને રાજ્ય સરકારના સંયુક્ત પ્રયાસોથી, જળસંચય અભિયાન હેઠળ બોર-કુવા રિચાર્જ કરવા, અને રિચાર્જ પીટ હેઠળના રેઈન વોટર હાર્વેસ્ટિંગના કામો હાથ ધરવામાં આવશે, તેમ પણ જણાવ્યું હતું. જળસંચય અભિયાન હેઠળ પાણીરૂપી પારસમણિને સંગ્રહ કરવાનો દેશવ્યાપી કાર્યનો પ્રારંભ, પ્રથમ સુરત જિલ્લામાંથી થઈ ચૂક્યો છે. જે ગુજરાત સહિત સમગ્ર ભારતમાં મોટુ જન અભિયાન બની રહેશે, તેમ ઉમેરતા શ્રી વિજયભાઈ પટેલે, 'જળસંચય અને જનભાગીદારી' હેઠળ જિલ્લાના બિનઉપયોગી અને બંધ ટ્યુબ વેલને વરસાદી પાણીથી રિચાર્જ કરી, ફરી તે જ પાણીનો ઉપયોગ કરવાનો પણ અનુરોધ કર્યો હતો. અત્યાર સુધી આપણે પાણી મેળવવા માટે બોર કરતા હતા, પરંતુ સમય અને સંજોગોને ધ્યાને લઈને, વરસાદી પાણીને ભૂગર્ભમાં ઉતારવા માટે ભારત સરકારે આ અભિયાન ઉપાડયું છે. તેમ જણાવતા શ્રી પટેલે, આહવા તાલુકાના ગલકુંડ અને પીપલપાડા ગામમાં 'કેઈચ ધ રેન' કાર્યક્રમનાં ખાતમુહર્ત કર્યું હતું. આવનારા સમયમાં આ પ્રોજેક્ટથી ગ્રામ્ય વિસ્તારમા પાણીની સમસ્યાનું નિવારણ લાવી શકાશે. ચોમાસાના વહી જતા પાણીને બોરવેલ અને કુવાઓમા સંગ્રહિત કરી શકાશે. જેથી ઉનાળામાં પાણીનો પ્રશ્ન દૂર કરી શકાશે, તેમ તેમણે કહ્યું હતું. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના મનરેગા અંતર્ગત હાથ ધરાયેલી આ કામગીરી અંતર્ગત, બોરવેલ નજીક સ્ટ્રકચર ઉભું કરી આ પ્રોજેક્ટને સફળ બનાવે તે જરૂરી છે તેમ, ગ્રામજનોને સહભાગી બનવાનું આહવાન કરતા શ્રી વિજયભાઈ પટેલે કહ્યું હતું. આ પ્રસંગે ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈન, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના અધ્યક્ષા શ્રીમતી મયનાબેન બાગુલ, આહવા તાલુકા પંચાયતના ઉપ પ્રમુખ શ્રી કમલેશ વાઘમારે, સામાજિક કાર્યકર શ્રી સુભાસભાઈ ગાઈન, શ્રી બચુભાઈ બાગુલ, સાથે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીનાં નિયામક શ્રી શિવાજી તબિયાર, આહવા તાલુકા વિકાસ અધિકારી શ્રી સુહાસ ગવાંદે સહિત કર્મચારીઓ, આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં. ઉલ્લેખનીય છે કે, સને ૨૦૨૪/૨૫ દરમિયાન ડાંગ જિલ્લામાં રૂ.૩૮૯ લાખના અંદાજિત ખર્ચે ૧૩૫૧ ઘર પરિવારને રોજગારી હેઠળ આવરી લેતા ૧૪૧૦ જેટલા આવા કામો હાથ ધરવાનો લક્ષ નિર્ધાર કરાયો છે. જેનાથી ૧ લાખ ૨૪ હજાર ૪૮૦ માનવ દિન ઉત્પન્ન કરાશે.

શ્રી જે.ડી.ગાબાણી કોલેજમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી

કમલમ્ ન્યુઝ,

વિદ્યાર્થીઓની કારકિર્દી માત્ર જ્ઞાન અને સ્કીલથી જ ઉજ્જ્વળ નથી પરંતુ એમની પાસે ભાષા કૌશલ્ય, કૉમ્યુનિકેશન સ્કિલ, અને માનવીય અભિગમ પણ હોવો જરૂરી છે.- શ્રીપ્રવીણભાઈ નસિત, સ્કુલ વિભાગ, કેમ્પસ ડાયરેક્ટર, શ્રી સ્વામી આત્માનંદ સરસ્વતી વિદ્યા સંકુલ, વરાછા, સુરત ભારતમાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિશ્રી ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મદિવસને દર વર્ષે શિક્ષક દિન તરીકે ઉજવવામાં આવે છે. શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમ સભા સંસ્થા દ્વારા સંચાલિત શ્રીજે.ડી.ગાબાણી કોમર્સ કોલેજ એન્ડ શ્રીસ્વામી આત્માનંદ સરસ્વતી કોલેજ ઑફ મેનેજમેન્ટ, વરાછામાં તારીખ ૦૫ /૦૯/૨૦૨૪ ના રોજ શિક્ષક દિનની ઉજવણી ભારતીય જ્ઞાન પરંપરા અનુસાર કરવામાં આવી હતી. શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમ સભા સંસ્થાની શતાબ્દી મહોત્સવના ઉજવણી કાર્યક્રમમ અન્વયે પણ "શિક્ષક દિન ઉજવણી" કરવામાં આવી હતી. શિક્ષક દિનની ઉજવણીના કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના આચાર્યશ્રી, પ્રાધ્યાપકશ્રીઓ તેમજ શિક્ષક દિનના દિવસે શિક્ષક બનનાર સૌ વિદ્યાર્થીઓનું ભારતીય જ્ઞાન પરંપરા અનુસાર-ગુરુ શિષ્ય પરંપરા અનુસાર તિલક કરવામાં આવેલ. બીબીએ અને બીકોમ વિભાગના ૪૩ વિદ્યાર્થીઓ શિક્ષકદિનના દિવસે શિક્ષક બન્યા હતા અને વર્ગખંડમાં પ્રત્યક્ષ રીતે શિક્ષક તરીકેની ભૂમિકાનો અનુભવ કર્યો હતો. ત્યારબાદ શિક્ષક દિનની ઉજવણીના કાર્યક્રમના ભાગરૂપે શિક્ષક બનનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાનો એક કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના સ્કૂલ વિભાગના ડાયરેક્ટર શ્રી પ્રવીણભાઈ નસીત મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. શ્રી પ્રવીણભાઈ નસિતે વિદ્યાર્થીઓને શિક્ષક દિન વિશે જણાવ્યું હતું. શિક્ષકનું જીવનમાં શું મહત્વ છે અને શિક્ષક કેમ બનવું જોઈએ તે વિશે વિદ્યાર્થીઓને ઉદાહરણ દ્વારા પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. એમણે વધુમાં જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓની કારકિર્દી માત્ર જ્ઞાન અને સ્કીલથી જ ઉજ્જ્વળ નથી પરંતુ એમની પાસે ભાષા કૌશલ્ય, કૉમ્યુનિકેશન સ્કિલ, અને માનવીય અભિગમ પણ હોવો જરૂરી છે. કાર્યક્રમમાં શિક્ષક બનનાર વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો પણ વ્યકત કર્યા હતા. વિદ્યાર્થીઓને ઈનામ અને સર્ટિફિકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોલેજના આચાર્યશ્રી ગોવિંદભાઈ ધિનૈયાના માર્ગદર્શન હેઠળ પ્રો.ડૉ. ગૌતમ કાનાણી, પ્રો.ડૉ. ચંદ્રેશ મહેતા, પ્રો. ડૉ. હરીશ પટેલ તેમજ પ્રો. રસિક કાથરોટીયા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું મંચ સંચાલન પ્રો. રાજદીપ અકબરી દ્વારા કરવામાં આવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્રભાાઈ મોદીના હસ્તે વર્ચ્યુઅલ માધ્યમથી સુરતથી 'જળસંચય જનભાગીદારી યોજના' નો શુભારંભ

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ કેન્દ્રીય જલશક્તિ મંત્રી શ્રી સી.આર.પાટિલના હસ્તે કેન્દ્રીય જળ શક્તિ મંત્રાલયની NAQUIM યોજના હેઠળ ગુજરાતમાં ડિજિટલ વોટર લેવલ રેકોર્ડરની સાથે પીઝોમીટર અને સંશોધનાત્મક કૂવાઓના બાંધકામ કાર્યનો શુભારંભ

દક્ષિણ ગુજરાતના સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લાઓમાં જળસંચય યોજનાનો પ્રારંભ

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય જલશક્તિ મંત્રાલય અને રાજ્ય સરકાર દ્વારા સુરતના ઈન્દોર સ્ટેડિયમખાતેથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વરસાદના પાણીના એક એક ટીપાનો ભૂગર્ભમાંસંગ્રહ કરીનેભૂગર્ભજળ ઉંચાલાવવાનાહેતુસાથે 'જળસંચય જન ભાગીદારી યોજના'નો વર્ચ્યુઅલ માધ્યમથી શુભારંભ કરાવતા જણાવ્યું કે, જળ સંરક્ષણ એ માત્ર નીતિઓનો વિષય નથી પણ સામાજિક નિષ્ઠાનો પણ મુદ્દો છે.આવનારી પેઢીઓ આપણા તરફ સન્માનની નજરે જુએ,આદર સાથે યાદ કરે એ માટેભૂગર્ભમાં મહત્તમ જળસંચય થવું જરૂરી છે. જળસંચય નીયોજના જળસ્ત્રોતોના રક્ષણ જનહીં, ભાવિપેઢીને સમૃદ્ધ જળવારસો આપવાનું માધ્યમ બનશે. એટલે જ સરકાર જળ સંરક્ષણ દ્વારા જળ સુરક્ષાને નવી તાકાત આપવા સંકલ્પબદ્ધ છે. મુખ્યમંત્રીશ્રીભૂપેન્દ્રપટેલ, કેન્દ્રીય જલશક્તિ મંત્રીશ્રી સી.આર. પાટિલ સહિત મંત્રીશ્રીઓ વિશેષ ઉપસ્થિતિમાં આયોજિત સમારોહમાંવડાપ્રધાનશ્રીએ વધુમાં જણાવ્યું કે, જન જન સુધી પાણી પહોંચાડવા માટે વર્ષોથી ગુજરાતમાં સાર્થક અને પરિણામલક્ષી પ્રયાસો થયા છે, જે સદર્ભે નર્મદા ડેમની પૂર્ણતા, સૌની યોજના, સુજલામ સુફલામ જળઅભિયાનના ઉલ્લેખ કરતા વડાપ્રધાનશ્રીએઆપ્રકારના અને કવિધ પ્રોજે ક્ટ્સ ના કારણે ગુજરાત જળસંરક્ષણ અને જળવ્યવસ્થાપના ક્ષેત્રેદેશના અન્ય રાજ્યોમાટેપ્રેરણારૂપબન્યું છે એમ જણાવ્યું હતું. ગુજરાત જનમાનસ, જનભાગીદારીઅને જનઆંદોલન એ જળસંચય અભિયાનની સૌથી મોટી શક્તિ છે. ત્યારે દેશમાં જનભાગીદારીથી ૬૦ હજાર અમૃત સરોવરોનું નિર્માણ થયું છે એમ જણાવતા વડાપ્રધાનશ્રીએ ગુજરાતમાં નિર્માણ પામેલા ૬૬૦૦ થી વધુ અમૃત સરોવરો બદલ રાજ્યની જનતાની જલસંચય ની કામગીરીમાં જનભાગીદારીને બિરદાવી હતી. જળસંચય જનભાગીદારી યોજનાનો મુખ્ય આશય ગુજરાતભરમાં ૨૪,૮૦૦ જળસંચય સ્ટ્રક્ચર ઉભા કરવાનો છે, જે સફળ બનશે એવો વિશ્વાસ વ્યક્ત કરી તેમણે પરંપરાગત જળસ્ત્રોતોના નવીનીકરણની સાથે સાથેનવા જળસ્ત્રોતોનું પણ નિર્માણ થાય એના પર ભાર મૂક્યો હતો. જળસંચય એ માત્ર એકપોલિસી જ નથી, એક પુણ્ય કાર્ય છે, જેમાં ઉદારતાની સાથેઉત્તરદાયિત્વ પણ સામેલ છે એમસ્પષ્ટપણે જણાવતા વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું કે, ભારતમાં લોકભાગીદારીઅને જનઆંદોલન દ્વારા જળ સંરક્ષણ અને પ્રકૃતિ સંરક્ષણ માટે એક અનોખું અભિયાન ચાલી રહ્યું છે. કેન્દ્ર સરકારે ટકાઉ ભવિષ્ય માટે જે ૮ ઠરાવો રજૂ કર્યા છે તેમાં જળ સંરક્ષણ એ પહેલો ઠરાવ છે. સંજોગોને ધ્યાનેભૂગર્ભ જળસંગ્રહ તેમજ જળ વ્યવસ્થાપનનું આ કામ અમારી પાસે આવ્યું નથી, પરંતુ સરકારે આ પડકારજનક કાર્યને જવાબદારીસમજીને ધ્યેય રેઈન, અટલભૂજલ યોજના, નમામિ ગંગે જેવી યોજનાઓ-પહેલોથી જળસંચય-વ્યવસ્થાપનને વ્યાપક બનાવ્યું છે, જેના સારા પરિણામો મળી રહ્યા છે. જળસંરક્ષણ, પ્રકૃતિ સંરક્ષણ એ ભારતની સાંસ્કૃતિક ચેતનાનો એક ભાગ છેએમ જણાવી વડાપ્રધાનશ્રીએવૃક્ષોભૂગર્ભ જળને ઊંચા લાવવામાં અતિ ઉપયોગી હોવાથી 'એક પેડ માં કે નામ' અભિયાનશરૂ કરીઆપણી જનતા અનેપ્રકૃતિમાતાપ્રત્યેવાત્સલ્ય પ્રગટ કરવાનું દેશવાસીઓનેઆહ્વાન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, રાજ્ય સરકાર ભૂગર્ભ જળનું સુરક્ષિત ભવિષ્ય સુનિશ્ચિત કરવા નાગરિકો, સ્થાનિક સંસ્થાઓ, ઉદ્યોગોની સામૂહિક શક્તિથી ભાવિ પેઢીને જલસંરક્ષણથી સમૃદ્ધ જળવારસો આપવાનો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો છે. 'જળસંચય જનભાગીદારી યોજના' પર્યાવરણ સંરક્ષણ અને જળ વ્યવસ્થાપન તરફ એક મહત્વપૂર્ણ પહેલ, જેગુજરાતમાંજળ પુરવઠા, જળ વ્યવસ્થાપન અને જળસંચયની કામગીરીથકી દેશને દિશા ચીંધશે. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં ૨૪૭૫ લક્ષ્યની સામે ૨૬૪૮ અમૃત સરોવરો નિર્માણ કર્યા હોવાનુ જણાવી ઉમેર્યું કે, વરસાદના પાણીનો સદુપયોગ કરવાની વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી ખેત તલાવડી, ચેકડેમ, સુજલામ-સુફલામ જળ અભિયાનના પરિણામે છેલ્લા સાત વર્ષમાં રાજ્યની જળસંગ્રહ ક્ષમતામાં ૧૧ હજાર લાખઘન ફૂટનોવધારો થયો છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાંકહ્યું કે, ભારત હવે વડાપ્રધાનશ્રીના ફ્યુચરિસ્ટીક વિઝન ને અનુરૂપ સેમિકંડક્ટર હબ બનવા તરફ આગળ વધી રહ્યું છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ગુજરાત હંમેશાસમયથીએક ડગલું આગળ વિચારે છે. આજે ભારત સમગ્ર વિશ્વની પાંચમી ઈકોનોમી બની ચૂક્યું છે. ગુજરાતના વિકાસના પાયા વડાપ્રધાનશ્રીએ જળશક્તિ, જનશક્તિ, ઉર્જાશક્તિ, જ્ઞાનશક્તિ અને રક્ષાશક્તિના વિઝન સાથે નાખ્યો છે એમ ગર્વથી જણાવી તેમણે કહ્યું કે, ગુજરાતએ વિકાસનું રોલ મોડેલ બન્યું છે. દેશના પાંચ સેમિકંડક્ટર પ્લાન્ટ પૈકીથ્રી પ્લાન્ટ ગુજરાતમાં બની રહ્યા છે. જેના કારણે ગુજરાતઆગામી સમયમાં સેમિકંડક્ટરનું હબ બની શકે. ઔદ્યોગિક અને આર્થિક વિકાસ પરિણામે મેન્યુફેક્ચરીંગ, સર્વિસ અને એગ્રીકલ્ચર ત્રણેય ક્ષેત્રોમાં એક્સેસર રાજ્ય બન્યું છે. પર્યાવરણ સંરક્ષણ, જળવાયુ પરિવર્તન અને ગ્લોબલ વોર્મિંગના પડકારોને પહોંચી વળવા માટે મિશન લાઈફનો સંદેશો પણ આપ્યો છે. 'એક પેડ માં કે નામ' અભિયાન થકી ગ્રીન કવર વધારીને ગ્રીનહાઉસ સાકાર કરવાની દિશા વડાપ્રધાને આપી છે એમ મુખ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું. કુદરત તરફથી મળતા ભેટસ્વરૂપ વરસાદી પાણીનોયોગ્ય પદ્ધતિથીસંગ્રહ કરી તેને ભૂગર્ભમાં ઉતારી માવજત કરવામાંઆવે તોજળસંકટનો પ્રશ્ન હલ કરી શકાય તેમ છે, ત્યારે વડોદરા દેશનો એક માત્ર એવો જિલ્લો છે, જેની તમામ શાળાઓમાં રેઈન વોટર હાર્વેસ્ટીંગ પ્લાન્ટ ઉપલબ્ધ છે એનો સહર્ષ ઉલ્લેખ કર્યોહતો. પાણીવિના કોઈ રાજ્ય કે રાષ્ટ્રનોવિકાસશક્ય નથી, જે સંદર્ભેગુજરાતે પહેલ કરીસમગ્ર રાજ્યમાં ૨૪,૮૦૦જેટલા વોટર હાર્વેસ્ટીંગસ્ટ્રક્ચર બનાવવાનુ લક્ષ્ય રાખ્યું છે તેના થકી 'વરસાદી જળનો સંગ્રહ, જળ સંસાધનોના સંરક્ષણ અને સ્થાનિક જળની જરૂરિયાતોને પૂર્ણ કરવાનો 'જળ સંચય, જનભાગીદારી' યોજનાનો મુખ્ય ઉદ્દેશ હોવાનું તેમણે જણાવ્યું હતું. સુરત સહિતના દક્ષિણ ગુજરાતના તાપી, ડાંગ, વલસાડ અને નવસારી જિલ્લાઓએ ૧૦,૦૦૦ જેટલા બોર વેલ રિચાર્જના કાર્ય પૂર્ણ કરવા બદલ સૌને અભિનંદનપાઠવ્યાહતા. આ પ્રસંગે કેન્દ્રીય જલશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટિલે જણાવ્યું કે, પાણીની વૈશ્વિક સમસ્યા નિવારવા 'જળસંચય જનભાગીદારી અભિયાન'એક નવીરાહ ચીંધશે. ગુજરાત વિકાસ મોડેલ તરીકે પ્રખ્યાત છે, ત્યારે આગામી દિવસોમાંજળ સંચયમાંપણ દેશનું મોડેલ બનશે. જળસંચય અભિયાનહેઠળ બોર રિચાર્જ, કુવા રિચાર્જ અને રિચાર્જ પીટ્સ હેઠળના ૨૬૦૦ વોટર હાર્વેસ્ટિંગના ૨૪૮૦૦થી કામો હાથ ધરાશે. કેન્દ્રીય મંત્રીશ્રીએ કહ્યું કે, ૧૦૦ એમએમ વરસાદપડે ત્યાંપણ ૧૪/૪૫ ના મકાન દ્વારા એક લાખ લીટર પાણી ભૂગર્ભમાં ઉતારી શકાય છે. દરેક પદાધિકારીઓને પોતાના ઘરથી જળસંચયના અભિયાનની શરૂઆત કરવાની અપીલ મંત્રીશ્રીએ કરી હતી.

:: મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ::

- ★ સુજલામ સુફલામ જળ અભિયાનના પરિણામે છેલ્લા સાત વર્ષ માં રાજ્યની જળ સંગ્રહ ક્ષમતામાં ૧૧ હજાર લાખ ઘનફૂટનો વધારો થયો છે
- ★ 'જળસંચય જનભાગીદારી યોજના' પર્યાવરણ સંરક્ષણ અને જળ વ્યવસ્થાપની એક મહત્વપૂર્ણ પહેલ છે, જે ગુજરાતમાં જળ પુરવઠા, જળ વ્યવસ્થા પન અને જળસંચયની કામગીરી થકી દેશને દિશા ચીંધશે
- ★ સુરત સહિતના દ.ગુજરાતના તાપી, ડાંગ, વલસાડ અને નવસારી જિલ્લાઓમાં ૧૦,૦૦૦ જેટલા બોરવેલ રિચાર્જ કાર્યો પૂર્ણ થયા

:: કેન્દ્રીય જલશક્તિ મંત્રી શ્રી સી.આર.પાટિલ ::

- ★ વિકાસ મોડેલ તરીકે પ્રખ્યાત ગુજરાત આગામી દિવસોમાં જળ સંચયમાં પણ દેશનું મોડેલ રાજ્ય બનશે
- ★ સમગ્ર રાજ્યમાં ૨૪૮૦૦થી વધુ બોર રિચાર્જિંગના કામો હાથ ધરાશે

:: વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ::

- 'રિડ્યુસ, રિયુઝ, રિચાર્જ અને રિસાઈકલ'નો મંત્ર અપનાવીને દેશનું 'જળ ભવિષ્ય'(Water Future) સુરક્ષિત કરીએ.
- જળ સંરક્ષણ એ માત્ર નીતિઓનો વિષય જ નથી, સામાજિક નિષ્ઠાનો પણ મુદ્દો છે
- પાછલા ૧૦ વર્ષમાં આ સરકારે સમગ્ર સમાજના હિત સાથે કામ કર્યું છે.
- જળસંચય એ માત્ર એક પોલિસી જ નથી, એક પુણ્યકાર્ય છે, જેમાં ઉદારતાની સાથે ઉત્તરદાયિત્વ પણ સામેલ છે
- દેશમાં જનભાગીદારીથી ૬૦ હજાર અમૃત સરોવરોનું નિર્માણ થયું
- જળસંચયની યોજનાઓ જળાોતોના રક્ષણ જ નહીં, ભાવિ પેઢીને સમૃદ્ધ જળવારસો આપવાનું માધ્યમ બનશે
- જળ સંરક્ષણ, પ્રકૃતિ સંરક્ષણ એ ભારતની સાંસ્કૃતિક ચેતનાનો એક ભાગ

પ્રસંગે કેન્દ્રીય જલશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટિલે જણાવ્યું કે, પાણીની વૈશ્વિક સમસ્યા નિવારવા 'જળસંચય જનભાગીદારી અભિયાન'એક નવીરાહ ચીંધશે. ગુજરાત વિકાસ મોડેલ તરીકે પ્રખ્યાત છે, ત્યારે આગામી દિવસોમાંજળ સંચયમાંપણ દેશનું મોડેલ બનશે. જળસંચય અભિયાનહેઠળ બોર રિચાર્જ, કુવા રિચાર્જ અને રિચાર્જ પીટ્સ હેઠળના ૨૬૦૦ વોટર હાર્વેસ્ટિંગના ૨૪૮૦૦થી કામો હાથ ધરાશે. કેન્દ્રીય મંત્રીશ્રીએ કહ્યું કે, ૧૦૦ એમએમ વરસાદપડે ત્યાંપણ ૧૪/૪૫ ના મકાન દ્વારા એક લાખ લીટર પાણી ભૂગર્ભમાં ઉતારી શકાય છે. દરેક પદાધિકારીઓને પોતાના ઘરથી જળસંચયના અભિયાનની શરૂઆત કરવાની અપીલ મંત્રીશ્રીએ કરી હતી.

આપણેસૌએ જળસંચય યોજનાને દેશભરમાં લાગુકરીને અપાવવાનો છે એમ જણાવી શ્રી પાટીલે ઉમેર્યું કે, 'જનશક્તિથી જળશક્તિ' ને સફળ બનાવવા સંકલ્પ લઈએ. સામૂહિક કામગીરીથી ભૂગર્ભ જળના સ્તર ઊંચા લાવીશું તો આવનારી પેઢીના આપણે ઋણી બનીશું. આ પ્રસંગે પાણી પૂરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું કે, એક સમયે ગુજરાતમાં પાણીની ભારે અછત વર્તાતી હતી, પરંતુ તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈએ પાણીદાર ગુજરાતની વિકાસયાત્રા શરૂકરીહતી. જેના કારણે ગુજરાત તબક્કાવાર સમૃધ્ધિતરફ આગેકૂચ કરી રહ્યું છે. પાણીનો વિવેકપૂર્ણ ઉપયોગ, ટપક સિંચાઈ પધ્ધતિ, ખેત તલાવડીઓના નિર્માણ જેવા અનેક આયામો અપનાવીને ગુજરાતે પાણીનુંસુદ્રઢ અમલીકરણ કર્યું છે. જળસિંચન, જળસંચયના પરિણામે ગુજરાતમાં જળકટોકટીનું જન આંદોલન સાકાર થશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમના પ્રારંભે જલશક્તિ મંત્રાલયના OSD શ્રી અશોક મીણાએ સ્વાગત પ્રવચન કરી સૌને આવકાર્યા હતા અને જળ સંચય જનભાગીદારીયોજનાની રૂપરેખા સ્પષ્ટ કરીહતી. તેમણે જણાવ્યું કે, પાણીનુંસંરક્ષણનીસાથે સમાજની ભાગીદારી રહેલી છે. જલજીવન મિશન હેઠળ ૧૫ કરોડલોકો સુધી જલથી નલપહોચાડવાનું કાર્ય થયું છે. ગુજરાતમાં ૫૮૫ પાણીની યોજનાઓ પૂર્ણ થઈચુકી છે. એક એક ટીપાનો સંગ્રહ કરવાના ગુજરાતનું જળસંચય જનભાગીદારી નુંઅભિયાન સમગ્ર દેશને નવી દિશા બતાવશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. મ્યુનિ. કમિશનર શાલિનીઅગ્રવાલે સુરત શહેરમાં મહાનિગરપાલિકા દ્વારા થઈ રહેલી વોટર રિચાર્જ કામગીરી, જળ સંચયના પ્રકલ્પો અને ભાવિ આયોજન વિષે સ્વાગત પ્રવચન માં વિગતો આપી હતી. તેમણે કહ્યું કે, સુરતએમિની ભારત છે. સુરત ૨૦૪૩માં પાણીની જરૂરિયાતને અનુલક્ષીને વોટર મેનેજમેન્ટનું આયોજન કર્યું છે. મહાનગરપાલિકા ગંદા પાણીને રિયુઝ કરીને વર્ષે દહાડે ૧૪૦ કરોડની આવક મેળવે છે આગામી સમયમાંવધુ પાણીનેરીયુઝ કરીને આવક મેળવશે. ભૂગર્ભજળનું સ્તર ઉંચુ આવે તે હેતુથી શહેરના શહેરીજનોને પ્રોત્સાહિતકરી રાજ્ય સરકારની જન સંચય જનભાગીદારી યોજનાહેઠળ સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલી ખાનગી સોસાયટીઓમાં ગ્રાઉન્ડ વોટર રિચાર્જ સિસ્ટમ પ્રસ્થાપિત કરવામાં આવશે. જળસંચય અભિયાન હેઠળ મહાનગરપાલિકા પુલો પરના વરસાદી પાણીને પણ ભૂગર્ભમાં ઉતરવા માટે નું આયોજન કર્યું હોવાનું ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ કેન્દ્રીય જલશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટિલના હસ્તે કેન્દ્રીય જળ શક્તિ મંત્રાલયની NAQUIM યોજના હેઠળ ગુજરાતમાં ડિજિટલ વોટર લેવલ રેકોર્ડરની સાથે પીઝો મીટર અને સંશોધનાત્મક કૂવાઓના બાંધકામ કાર્યનો ઈ-શુભારંભ કરાવ્યો હતો. આ વેળાએ જળ શક્તિ મંત્રાલયની NAQUIM યોજના તેમજ વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૪ સુધીની કેચ ધ રેઈન કેમ્પેઈનનીબે લઘુવિડીઓફિલ્મોનું નિદર્શન કરાયું હતું. વિશેષમા, સમગ્ર ભારતના ૭૦૦ જેટલા જિલ્લાઓના કલેકટર શ્રીઓ વર્ચ્યુલી આ કાર્યક્રમમાં જોડાયા હતા. આ પ્રસંગે કેન્દ્રીય ખાદ્ય, ગ્રાહક બાબતો, જાહેર વિતરણ વ્યવસ્થા રાજ્ય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયા, નાણાં તથા ઊર્જા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ, જળસંપતિ અને પાણી પૂરવઠા રાજ્ય મંત્રીશ્રી મુકેશભાઈ પટેલ, ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી, શિક્ષણ રાજ્યમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનશેરિયા, આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિ, વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજય પટેલ, સાંસદ સર્વશ્રી મુકેશભાઈ દલાલ, પ્રભુભાઈ વસાવા, ધવલ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ભાવિની પટેલ, મેયર દક્ષેશભાઈ માવાણી, જિલ્લા કલેકટરશ્રી ડો. સૌરભ પારધી, જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલ, પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલોત, પૂર્વ કેન્દ્રીય મંત્રી દર્શનાબેન જરદોશ, સુરત સહિત દક્ષિણ ગુજરાતના ધારાસભ્યો, જિલ્લા પંચાયત અને નગરપાલિકાઓના પ્રમુખો, વિવિધ જિલ્લાઓના કલેકટર્સ, જિલ્લાવિકાસ અધિકારીઓ, સામાજિક અગ્રણીઓ, શહેરીજનો ઉપસ્થિત રહ્યાહતા.

એનસીજીજીએ નોંધપાત્ર સીમાચિહ્ન હાંસલ કર્યું - લેટિન અમેરિકન અને કેરેબિયન દેશો માટે જાહેર નીતિ અને શાસન પર પ્રથમ એડ્વાન્સ્ડ લીડરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામની શરૂઆત થઈ. બહુ-દેશીય કાર્યક્રમમાં ૧૦ દેશોના ૨૨ સનદી અધિકારીઓ સહભાગી થયા

"મહત્તમ શાસન – લઘુતમ સરકાર", ડિજિટલ ઇન્ડિયા, પ્રધાનમંત્રી ગતિશક્તિ, જીઇએમ મારફતે ખરીદીમાં સુધારા, ભ્રષ્ટાચાર સામે ઝીરો ટોલરન્સ અભિગમ, મિશન કર્મયોગી મારફતે ક્ષમતા નિર્માણના કાર્યક્રમોનું ભારતનું શાસન મોડલ પ્રસ્તુત કરવામાં આવ્યું

કમલમ્ ન્યુઝ,
નેશનલ સેન્ટર ફોર ગુડ ગવર્નન્સ (એનસીજીજી)એ જાહેર નીતિ અને શાસન પરનો પ્રથમ એડવાન્સ્ડ લીડરશીપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ શરૂ કર્યો હતો, જે ખાસ કરીને લેટિન અમેરિકન અને કેરેબિયન રાષ્ટ્રો માટે બનાવવામાં આવ્યોહતો. આબે અઠવાડિયાનો કાર્યક્રમ ૨થી ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૪ દરમિયાન આયોજિત કરવામાં આવ્યો છે, જેમાં આર્જેન્ટિના, કોસ્ટા રિકા, અલ સાલ્વાડોર, ગુયાના, હોન્ડુરાસ, જમૈકા, પેરાગ્વે, પેરુ, સેન્ટ કિટ્સ એન્ડ નેવિસ અને સુરીનામના સનદી અધિકારીઓ સહિત ૧૦ દેશોના ૨૨ સનદી અધિકારીઓને લાવવામાં આવશે. આજે ડીએઆરપીજીના સચિવ અને ડીજી એનસીSSS શ્રી વી. શ્રીનિવાસે ૧૦ લેટિન અમેરિકન દેશોના ૨૨ અધિકારીઓ સાથે વાતચીત કરી હતી. લેટિન અમેરિકન દેશો અને ભારતમાં શાસન મોડેલોમાં સમાનતાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. અગ્રતા ક્ષેત્રની યોજનાઓની સંતૃપ્તિનો અભિગમ સરકારના સર્વાંગી, સર્વવ્યાપી અને સર્વસમાવેશક વિકાસમોડલનું નિર્ણાયકલક્ષ્ય રહ્યું છે. "અમૃત કાલના પંચ પ્રાણ" – વિકસિત ભારતનું લક્ષ્ય, સંસ્થાનવાદી માનસિકતાની કોઈ પણ નિશાનીને દૂર કરવા, આપણા મૂળઅને એકતાપર ગર્વલેવા અને નાગરિકો વચ્ચે ફરજની ભાવના અમૃત કાલ સમયગાળામાં સુશાસનના પાયાના સિદ્ધાંતોનું પ્રતિનિધિત્વ કરે છે. રાષ્ટ્રએ આગામી પેઢીના સુધારાઓને અપનાવવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે, જ્યારે નાગરિકોને સશક્ત બનાવ્યા છે અને વિકસિત Bharat@2047 માટે પ્રાથમિક્તાઓ તરીકે છેલ્લા માઈલ સુધીપહોંચ્યા છે.

આ શોધ અત્યાધુનિક માળખાગત સુવિધા, વૈશ્વિક કક્ષાનાં ઉત્પાદન માટે, અત્યાધુનિક નવીનતા માટે અને નવા યુગની ટેકનોલોજી માટે છે. ઈન્ફર્મેશન ટેકનોલોજીએ ચાવીરૂપ સ્પર્ધાત્મક લાભને શક્ય બનાવ્યો, જેણે સરકારની દરેક શાખામાં કાર્ય પ્રક્રિયાઓને રૂપાંતરિત કરી અને નાગરિકોની સરકાર સાથેના આદાનપ્રદાનને સુલભ બનાવી છે. બે સપ્તાહના આ કાર્યક્રમમાં આધાર કાર્ડ એ સુશાસન માટેનું સાધન, કૌશલ્ય ભારતઃ નીતિ અને પદ્ધતિઓ, તકેદારી વહીવટ, શાસનમાં નેતૃત્વ અને પ્રેરણા, ભારતની રાજકોષીય અને નાણાકીય નીતિ, ડાયસ્પોરા અને સ્થળાંતરના મુદ્દાઓ, ૨૦૩૦ સુધીમાં એસડીજી હાંસલ કરવાનો અભિગમ, ભારતીય સંસ્કૃતિ અને સ્થાયી પ્રવાસન, શાસનનો દાખલો, ડિજિટલ અર્થતંત્ર અને નવીનતા, જેવા વિવિધ વિષયોને આવરી લેવામાં આવશે. શહેરી શાસન અને ટકાઉ શહેરો, ખાદ્ય સુરક્ષા અને કૃષિ, હોલિસ્ટિક હેલ્થકેરઃ આયુર્વેદ, પ્રધાનમંત્રી ગતી શક્તિ, આપત્તિ વ્યવસ્થાપન અને માનવતાવાદી રાહત, સ્થાનિક શાસન અને વિકેન્દ્રીકરણ, વહીવટકર્તાઓ માટે ભાવનાત્મક ઈન્ટેલિજન્સ, Vision@2047, જીઈએમઃ સરકારી ખરીદી, ઈ-ગવર્નન્સ અને ડિજિટલ પબ્લિક સર્વિસ ડિલિવરીમાં પારદર્શકતા લાવવી વગેરે. ભાગ લેનારાઓને વન સંશોધન સંસ્થાન (એફઆરઆઈ), જિલ્લા વહીવટીતંત્ર ગૌતમબુદ્ધ નગર, ઉત્તર પ્રદેશ, આંતરરાષ્ટ્રીય સૌર ગઠબંધન, નેશનલઈન્સ્ટિટ્યૂટ ઓફ સોલાર એનર્જી, ઈન્ડિયા ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડેમોક્રેસી એન્ડ ઈલેક્શન મેનેજમેન્ટની મુલાકાત અને આગ્રાના તાજમહેલની હેરિટેજ મુલાકાતમાટે અભ્યાસપ્રવાસ અને એક્સપોઝર વિઝિટ માટે પણ લઈ જવામાં આવશે. ક્ષમતા નિર્માણના સમગ્ર કાર્યક્રમની દેખરેખ કોર્સ કો-ઓર્ડિનેટર અને એસોસિએટ પ્રોફેસર ડૉ.હિમાંશી રસ્તોગી, એસોસિએટ કોર્સ કોઓર્ડિનેટર ડૉ મુકેશ ભંડારીઅને શ્રીસંજય દત્ત પંત, પ્રોગ્રામ આસિસ્ટન્ટ ડૉ.ઝૈદ ફખર, કન્સલ્ટન્ટ એનસીજી અને એનસીSSSના યંગ પ્રોફેશનલ સુશ્રી મેઘા તોમર દ્વારા સમગ્ર એનસીજીજી ક્ષમતા નિર્માણ ટીમ સાથે કરવામાં આવી રહી છે. શ્રીમતી પ્રિસ્કા પોલી મેથ્યુ, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર અને કન્સલ્ટન્ટ, એનસીજીજીનાં મુખ્ય વહીવટી અધિકારીઅને કન્સલ્ટન્ટ ડૉ. એ. પી. સિંહ, એસોસિએટ પ્રોફેસર, એનસીજીજી અને શ્રી. આ પ્રસંગે ડી.એ.આર.પી.જી.ના નિયામક એસ.કે.પાંડે પણ ઉપસ્થિત રહ્યાહતા.

માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા હોકી લિજેન્ડ મેજર ધ્યાનચંદની જન્મજયંતિ નિમિત્તે "ખેલ ઉત્સવ ૨૦૨૪"નું આયોજન કર્યું

મંત્રાલયના ૨૦૦થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓ "ખેલ ઉત્સવ ૨૦૨૪"માં જોશ અને ઉત્સાહ સાથે ભાગ લીધો

કમલમ્ ન્યુઝ,
મેજર ધ્યાનચંદની જન્મજયંતિ અંતર્ગત યુવા બાબતો અને રમતગમતમંત્રાલયના રાષ્ટ્રીય રમત દિવસ૨૦૨૪ની ઉજવણીના અનુસંધાનમાં, માહિતી અને પ્રસારણ મંત્રાલયે ૨૭મી ઓગસ્ટ, ૨૦૨૪થી ૩૦મી ઓગસ્ટ, ૨૦૨૪ દરમિયાન મેજર ધ્યાનચંદ સ્ટેડિયમ અને જવાહરલાલ નેહરુ સ્ટેડિયમ, નવી દિલ્હીમાં "ખેલઉત્સવ૨૦૨૪"નું આયોજન કર્યું હતું. પોતાની પ્રથમ આવૃત્તિમાં મંત્રાલયે ચાર સ્પોર્ટ્સ ટુર્નામેન્ટ ક્રિકેટ, હોકી, બેડમિન્ટન અનેટેબલ ટેનિસનું આયોજન કર્યું હતું. આ આયોજનને સફળ બનાવવામાટે મંત્રાલયના ૨૦૦થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓએ આ કાર્યક્રમમાં ઉત્સાહ અને જોશ સાથે ભાગ લીધો હતો. મંત્રાલય ખેલ ઉત્સવની આગામી આવૃત્તિઓમાં વધુ રમતોનો સમાવેશ કરવા માગે છે. મેજર ધ્યાનચંદ ટ્રોફીનો વિતરણ સમારંભ ૪સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ પીઆઈબી કોન્ફરન્સ હોલ, શાસ્ત્રી ભવન ખાતે આયોજિત કરાયો. ટ્રોફી વિતરણ સમારોહને માહિતી અને પ્રસારણ મંત્રાલયના સચિવ શ્રી. સંજય જાજુ અને મંત્રાલયના અન્ય વરિષ્ઠ અધિકારીઓઉપસ્થિત હતા.

વન અને પર્યાવરણ રાજયમંત્રી મુકેશભાઈ પટેલે ભારે વરસાદથી પ્રભાવિત થયેલા ઓલપાડ તાલુકાના વડોલી અને ઉમરાછી ગામની મુલાકાત લીધી

કમલમ્ ન્યુઝ,
વહીવટી તંત્રના બચાવ-રાહત કાર્યોની સમીક્ષા કરી ઓલપાડ તાલુકાના પૂર પ્રભાવિત ગામોમા થયેલા નુકસાનનો તંત્ર દ્વારા થઈ રહ્યો છે સર્વે દક્ષિણ ગુજરાત સહિત સુરત જિલ્લામાં છેલ્લા દિવસોમાં પડેલા ભારે વરસાદને કારણે કીમ નદીના નીચાણ વાળા વિસ્તારોમાં પાણી ભરાયાહતા, જેનાઅનુસંધાને વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલે વરસાદથી પ્રભાવિત થયેલા ઓલપાડ તાલુકાના વડોલી અને ઉમરાછી ગામની મુલાકાત લઈ અસરગ્રસ્ત પરિવારોની સમસ્યાઓની જાણકારી મેળવી હતી. તેમણે વહીવટીતંત્રના અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા અને તંત્ર દ્વારા કરાયેલા બચાવ-રાહત કાર્યોની સમીક્ષા કરી સ્થાનિક અસરગ્રસ્તોને ભોજન, દવા, પીવાના પાણી જેવી જીવનજરૂરી ચીજવસ્તુઓઉપલબ્ધબને એ અંગે કાળજી લીધીહતી. નોંધનીય છે કે, ઓલપાડ તાલુકાના પૂર પ્રભાવિત ગામોમાંથયેલા નુકશાનનું તંત્ર દ્વારા સર્વે કરવામાં આવી રહ્યો છે. એક જ દિવસમાં ૩૦૦ થી વધુ ઘરોનો સર્વે કરાયો છે, તેમજ પાણી ભરાયેલા ગામના લોકોની આરોગ્યની તપાસ કરવામાં રહી છે. ગંદકીવાળા સ્થળો પર દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. મુલાકાત દરમિયાન વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની સ્થિતિમાં ઉપરવાસમાંથી પાણી આવતાં કીમ નદીએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં ઓલપાડ તાલુકાના કીમ, કઠોદરા, કીમામલી, અણીતા, ઉમરાછી અને વડોલી ગામમાં પાણી ભરાવાની સમસ્યા ઉભી થઈ છે. ઓલપાડ તાલુકાના પૂર પ્રભાવિત અને વરસાદી પૂરમાં ફસાયેલા લોકોને સહીસલામત જગ્યા પર ખસેડવામાં આવ્યા છે, તેમના માટે રહેવા, જમવા, દવા જેવી જરૂરીચીજવસ્તુઓની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. મંત્રીશ્રીએ વહીવટીતંત્રને સતર્ક રહેવા અને અસર ગ્રસ્ત લોકોની સતત કાળજી લેવા અનુરોધ કર્યો હતો.

'ભાવિ આયોજન અંતર્ગત શહેરીજનોને પીવાના પાણીની મુશ્કેલી ન પડે એવી સુદ્રઢ વ્યવસ્થા મનપા તંત્ર દ્વારા કરાઈ છે: કેન્દ્રીય જળશકિત મંત્રી સી.આર.પાટીલ

સુરત મહાનગરપાલિકા દ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં રૂ.૨૭ કરોડના ખર્ચે જળસંરક્ષણ જનભાગીદારી અભિયાન અંતર્ગત ભૂગર્ભ જળ રિચાર્જ કાર્યોનું ખાતમૂહુર્ત કરતા કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલ

કમલમ્ ન્યુઝ,
સુરત મહાનગરપાલિકા દ્વારા જળ સંરક્ષણ જનભાગીદારી અભિયાન અંતર્ગત વિવિધ ઝોન વિસ્તારમાં રૂ.૨૭ કરોડના ખર્ચે અંદાજિત ૨૦૦૦ થી વધુ ભૂગર્ભ જળરિચાર્જ કાર્યોનું ભૂમિપૂજન કેન્દ્રીય જળશકિત મંત્રીશ્રી સી.આર.પાટીલના હસ્તે કરવામાં આવ્યું હતું. ઉધના સ્થિત શ્રી છત્રપતિ શિવાજી સ્પોર્ટસ સંકુલ ખાતેઆયોજિત કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રીશ્રીએ લોકોની પ્રાથમિક જરૂરિયાતોને પૂર્ણ કરવાં અગ્રેસર મહાનગરપાલિકાતંત્રની સરાહના કરતા કહ્યુંકે, સુરતશહેરનો વિકાસ દેશના અન્ય શહેરો માટે પ્રેરણારૂપ છે. એક સમયે સ્વચ્છતા માટે ટીકાપાત્ર સુરત શહેર આજે સ્વચ્છતામાં દેશમાં પ્રથમ ક્રમે ઉભર્યું છે, એજ રીતે અન્ય ક્ષેત્રોમાં પણ લીડ મેળવી રહ્યું છે. વધુમાં તેમણે કહ્યુંહતું કે, ભાવિ આયોજન અંતર્ગત શહેરીજનોને પીવાના પાણીની મુશ્કેલી ન પડેએવી સુદ્રઢ વ્યવસ્થા મનપા તંત્ર દ્વારા કરાઈ છે. મંત્રીશ્રીએ ભૂગર્ભ જલસ્તર ઊંચા આવે અને ભાવિ પેઢીને પાણીની મુશ્કેલીન પડેઅને સમૃદ્ધ જળવારસાનીભેટ મળેએની કેન્દ્ર અને રાજ્ય સરકારે કાળજી લેતા જળસંરક્ષણ જનભાગીદારી અભિયાનની પહેલ કરી છે. શહેરીજનોને ઘર, સોસાયટી કે ઈન્ડસ્ટ્રીઝ સહિતની કોઈ પણ જગ્યાએ વરસાદી પાણીનો સંગ્રહ કરવાનું માળખું ઊભું કરવા તંત્રની મદદ-માર્ગદર્શન લેવાઅપીલ કરી હતી, અને જનભાગીદારીની ક્રાંતિરૂપે વરસાદી પાણીનો સંચય અવશ્ય કરવા આગ્રહ કર્યો હતો. આ પ્રસંગે સાંસદશ્રી મુકેશભાઈ દલાલ, મેયરશ્રી દક્ષેશભાઈ માવાણી, ધારાસભ્યશ્રી મનુભાઈ પટેલ, મ્યુ.કમિશનર શાલિની અગ્રવાલ, ડે.મેયરશ્રી નરેન્દ્ર પાટીલ, સ્થાયી ચેરમેન રાજન પટેલ, શાસક પક્ષના નેતા શશીબેન ત્રિપાઠી, દંડક ધર્મેશ વાણીયાવાલા, અગ્રણી નિરંજનભાઈ ઝાંઝમેરા, કોર્પોરેટરો, વિવિધ સમિતિના ચેરમેનો અને મોટી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિતરહ્યા હતા.

વલસાડમાં જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી મનહરભાઈ પટેલની અધ્યક્ષતામાં શિક્ષક દિન ઉજવાયો, જિલ્લા-તાલુકા કક્ષાના ૭ શિક્ષકોનું સન્માન કરાયું

આજનો દિવસ માત્ર તારીખ નથી પરંતુ એક ભારત, શ્રેષ્ઠ ભારત, ઉજ્જવળ ભારતના ઘડતરનો પાયાનો દિવસઃ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી મનહરભાઈ પટેલ

વિવિધ પરીક્ષાના ૧૫ તેજસ્વી વિદ્યાર્થી અને બોર્ડની પરીક્ષામાં ૧૦૦ ટકા પરિણામ મેળવનાર ૨૭ શાળાનું પણ સન્માન કરાયું

કમલમ્ ન્યુઝ,વલસાડ
વલસાડે જિલ્લાશિક્ષણાધિકારીની કચેરી તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી દ્વારા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મ જયંતિ શિક્ષક દિન નિમિત્તે પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા તાલુકા અને જિલ્લા કક્ષાના ૭ શ્રેષ્ઠ શિક્ષકો અને તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી મનહરભાઈ પટેલના અધ્યક્ષસ્થાને વલસાડના અબ્રામા સ્થિત સરસ્વતી ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે યોજાયોહતો. શિક્ષક દિવસની શુભકામના પાઠવતા જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી મનહરભાઈ પટેલે આ પ્રસંગે જણાવ્યું કે, પ્રત્યેક વિદ્યાર્થીઓના જીવનમાં શિક્ષક મહત્વની ભૂમિકા ભજવે છે. શિક્ષકો જ બાળકોનાજીવનનું ઘડતરકરી હીરાના જેવી ચળકાટ આપેછે. આજનોદિવસ માત્રતારીખ નથીપરંતુ એક ભારત, શ્રેષ્ઠ ભારત, ઉજ્જવળ ભારતના ઘડતરનો પાયાનો દિવસ છે.

જેમની યાદમાં આ દિવસ મનાવાય છે તેવા ડૉ. સર્વપલ્લીરાધાકૃષ્ણનન એવુકહેતા કે, પહેલા હું શિક્ષક છું પછી રાષ્ટ્રપતિ છું. કર્મનિષ્ઠ શિક્ષકોને અભિનંદન પાઠવી દરેક બાળકોનો સર્વાંગી વિકાસ થાય અને વલસાડ જિલ્લામાં શિક્ષણની જ્યોત ઝળહળતી રહે તે માટે પોતાનું અમૂલ્ય યોગદાન આપવા માટે અનુરોધ કર્યો હતો. વલસાડના ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલે સન્માનિત શિક્ષકો અને વિદ્યાર્થીઓને અભિનંદન આપી જણાવ્યું કે, શિક્ષક દેશનીઆધાર શીલાછે. બાળકોનાઘડતર દ્વારા શ્રેષ્ઠ સમાજનું નિર્માણ શિક્ષકો કરે છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીહંમેશા કહે છે કે, આજે હું જે પણ છું તે મારા શિક્ષકોને આભારી છું. ગુજરાત સરકારે પણ બજેટમાં શિક્ષણ માટે નોંધપાત્ર ફાળવણી કરી શિક્ષણને મહત્વ આપ્યુંછે. ધરમપુરના ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલેસંપૂર્ણ આદિવાસીએવા ધરમપુર અને કપરાડાતાલુકાની શાળાઓએ ધો. ૧૦અને ૧૨ બોર્ડનીપરીક્ષામાં ૧૦૦ટકા પરિણામ મેળવ્યું હોવાનું જણાવી શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા. સાથે જ વલસાડ જિલ્લો શિક્ષણક્ષેત્રે અગ્રેસર રહે તે માટે આહવાન કર્યું હતું. આ ઉજવણી પ્રસંગેકોમન એન્ટ્રન્સ ટેસ્ટ -૨૦૨૪ ના ૮ વિદ્યાર્થી અને જ્ઞાન સાધના સ્કોલરશીપ – ૨૦૨૪ મેળવનાર પ્રતિભાશાળી ૭ વિદ્યાર્થી અને ધો. ૧૦ તેમજ ૧૨ બોર્ડની પરીક્ષામાં ૧૦૦ ટકાપરિણામ મેળવનાર ૨૭સ્કૂલનું સન્માન કરાયું હતું. નવી શાળાનાનામાંકન કરનાર સૌ પ્રથમ વિદ્યાર્થીને આવકારઆપવામાં આવ્યોહતો. સરસ્વતી સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા પ્રદર્શની પણ યોજાઈ હતી જેની મહાનુભાવાએ વિઝિટ પણ લીધી હતી. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે વલસાડ જિલ્લા પંચાયતના શાસક પક્ષના નેતા શૈલેષભાઈ પટેલ, જિલ્લા સંગઠન મહામંત્રી કમલેશ પટેલ, જિલ્લા સંગઠન ઉપાધ્યક્ષ જીતેશપટેલ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનાપ્રાચાર્ય મહેન્દ્રભાઈ પટેલ, સરસ્વતી ઈન્ટરનેશનલ સ્કૂલના આચાર્યા સુરેખાબેન સૈની, પ્રાથમિક શિક્ષક સંઘના મહામંત્રી રાજેશભાઈ બી પટેલ, પ્રાથમિક શૈક્ષિક મહા સંઘના અધ્યક્ષ અજિતસિંહ ઠાકોર, એજ્યુકેશન ઈન્સ્પેક્ટર બીપીનભાઈ પટેલ, નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અર્જુન પટેલ, બીઆરસીકો-ઓર્ડિનેટર મિતેશભાઈ પટેલ સહિત વિવિધ શાળાના આચાર્યો અને શિક્ષકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સ્વાગત પ્રવચન જિલ્લા શિક્ષણાધિકારી ડૉ. રાજેશ્રી ટંડેલ કર્યું હતું. જ્યારે આભારવિધિ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડી.બી.વસાવાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તારેશભાઈ સોનીએ કર્યું હતું.

વન અને પર્યાવરણ રાજયમંત્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સિટીલાઈટ ખાતે જિલ્લા તેમજ તાલુકા કક્ષાનો 'શ્રેષ્ઠ શિક્ષક' સન્માન સમારોહ યોજાયો

શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી કરનારા જિલ્લા-તાલુકાના ૭ શિક્ષકો તેમજ ૧૯ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું સન્માન વિદ્યાર્થી ભણીને ડોક્ટર, એન્જિનિયર અથવા આધિકારી બને એ શિક્ષકો માટે જીવનનો સૌથી મોટો એવોર્ડ છેઃ વન પર્યાવરણ મંત્રી મુકેશભાઈ પટેલ

કમલમ્ ન્યુઝ,
'પ સપ્ટેમ્બર-શિક્ષક દિન' અંતર્ગત વન અને પર્યાવરણ રાજયમંત્રી મુકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને સિટીલાઈટના અગ્રસેન ભવન ખાતે જિલ્લા તેમજ તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનિત કરાયા હતા. 'શિક્ષક દિન'ની ઉજવણીના ભાગરૂપે જિલ્લા વહીવટી તંત્ર, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અને જિલ્લા પ્રા.શિક્ષણાધિકારી-સુરતના સંયુક્ત ઉપક્રમે આયોજિત સન્માન સમારોહમાં શિક્ષણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન આપનારા જિલ્લા અને તાલુકાના શ્રેષ્ઠ ૭ શિક્ષકોનું શાલ, પ્રશસ્તિપત્ર અને રોકડ પુરસ્કાર અર્પણ કરીબહુમાન કરાયુંહતું. આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રીશ્રીએ જણાવ્યુ હતું કે, દરેક સફળ વ્યક્તિની પાછળ એક શિક્ષકનોપણ મહત્વનો ફાળો હોય છે. જે શિક્ષકો બાળકોના ઉજ્જવળ ભવિષ્ય ઘડવામાં યોગદાન આપી રહ્યા છે, તેમના માટે પોતાના વિદ્યાર્થીઓ ભણીગણીને ડૉક્ટર, એન્જિનિયર, સાયન્ટિસ્ટ અથવા અધિકારી બને એ જીવનનો સૌથી મોટો એવોર્ડ છે. શિક્ષક દિવસની ઉજવણી એ શિક્ષકોએ સમાજના ઘડતરમાં આપેલા યોગદાનનું સન્માન છે એમ જણાવી મંત્રીશ્રીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં પ્રારંભ કરેલા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમના કારણે ડ્રોપ આઉટ રેશિયો નહિવત થયો છે. રાજ્યની સરકારી શાળાઓમાં અપાઈ રહેલા ગુણવત્તાયુક્ત શિક્ષણ, ઉચ્ચ શૈક્ષણિક સુવિધાઓના કારણે પ્રાઈવેટ શાળાઓમાંથીવિદ્યાર્થીઓ સરકારી શાળાઓમાં એડમિશન લઈ રહ્યા છે એમ તેમણે ઉમેર્યું હતું. વધુમાં તેમણે બાળકોને વૃક્ષારોપણ અને ક્લાઈમેટચેન્જ વિશે જાગૃત કરીને પર્યાવરણ સંરક્ષણમાટે બાળપણથી જ પ્રેરણા આપવી જોઈએ એમ જણાવી ઉપસ્થિત સૌને શિક્ષક દિવસની શુભેચ્છા પાઠવી હતી. જિલ્લા કલેક્ટર ડૉ.સૌરભ પારધીએ જણાવ્યું કે, દરેક વ્યક્તિનાજીવનઘડતરનો મજબૂત પાયો રોપવાનું કામ શિક્ષક કરે છે. દેશની ભાવિ પેઢીને દિશાદર્શન આપવામાં, જ્ઞાનદાનથી રાષ્ટ્ર નિર્માણ કરવામાં શિક્ષકોની આગવી ભૂમિકા હોવાનું જણાવી શિક્ષક દિવસની શુભેચ્છા પાઠવી હતી. પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતે જણાવ્યું કે, આજે ઉચ્ચ કક્ષાના હોદ્દાપર છીએ તેશિક્ષકોના કારણે છે. ગુજરાતમાં શાળા પ્રવેશોત્સવમાં શિક્ષકોને પરિવારના સભ્ય સમાન તેમજ બાળકોના જીવન ઘડવૈયા તરીકે અદકેરું માનસન્માન આપવામાં આવે છે એ અમે નજરે જોઈએ છીએ. શિક્ષણ કાર્યની સાથે શિક્ષક બાળકોના આરોગ્ય અને ગામના નાગરિકોને તેમની સમસ્યા માટે સલાહ સૂચનો અને મદદ કરતા હોય છે, જેથી લોકોમાંશિક્ષકો પ્રત્યે વધુ આદરભાવ જોવામળે છે. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી શિવાની ગોયલે જણાવ્યું કે, દરેક વ્યક્તિના જીવનમાંશિક્ષકનું ખાસ મહત્વ રહ્યું હોય છે. વ્યક્તિને શિક્ષિતઅને પગભર બનાવીએ તો સમગ્ર જીવનમાં તે વ્યક્તિ પોતાના તેમજપરિવાર, સમાજઅને દેશના વિકાસમાં યોગદાન આપી શકે છે. સમાજમાં સારા વ્યક્તિના ઘડતર અને વિકાસમાં શિક્ષણ મહત્વનો પાયો છે. સન્માનિત થનાર શિક્ષકો જેઓ પોતાની જવાબદારીથી આગળ જઈ કામ કરી રહ્યા છે, શાળાના સમય બાદ અને રજાના દિવસોમાં પોતાનો સમય વિદ્યાર્થીઓ માટે ફાળવીને શિક્ષણ આપે છે એ સરાહનીય છે. આ વેળાએ મંત્રીશ્રી-મહાનુભાવોના હસ્તે જિલ્લાની શાળાઓના ૧૯ તેજસ્વી છાત્રોનું પણ પ્રમાણપત્ર આપી સન્માન કરાયું હતું. આ કાર્યક્રમમાં જિ.પંચાયત પ્રમુખ ભવિનીબેન પટેલ, જિ. શિક્ષણાધિકારી ડૉ.ભગિરથસિંહ પરમાર, જિ.પ્રા.શિક્ષણાધિકારી જયેશ પટેલ, વહીવટી અધિકારી એન.બી.જોશી, એજ્યુકેશન ઈન્સ્પેક્ટર એચ.પી.બારોટ, ડૉ.સંગીતાબેન મિસ્ત્રી, નરેન્દ્રસિંહ વસાવા, ટી.વાય.રાવ, અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં આચાર્ય અને શિક્ષકો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028